# કોંગ્રેસના જુથવાદથી મહેસાણા પાલિકામાં ભાજપ

મહેસાણા કોંગ્રેસ શાસિત નગરપાલિકામાં પાલિકા પ્રમુખની અવિશ્વાસની દરખાસ્ત આજે પાલિકા પ્રમુખ સામે રજૂ કરવામાં આવી હતી જેમાં પાલિકા પ્રમુખની અવિશ્વાસની દરખાસ્ત પાસ થવા ગઈ છે. પાલિકા ઉપ પ્રમુખે સભાનું સંચાલન સારું કર્યું જેમાં પ્રથમ ૧૭ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત મૂકી હતી તેવા કોંગ્રેસના સભ્યોએ વહીવટનો અનાદર કરીને પાલિકા પ્રમુખ ઘનશામ સોલંકી વિરુદ્ધ મતદાન કરીને કોંગ્રેસના આંતરિક જૂથવાદને સામે લાવ્યા હતા જેમાં ભાજપના ટેકાથી ૨૯ કુલ સભ્યોએ મતદાન કર્યું હતું જ્યારે ૫ વર્ષના સમયગાળામાં કોંગ્રેસ ના પાલિકા પ્રમુખ સામે બે વાર અવિશ્વાસની દરખાસ્ત પાસ થઈ છે જે જોતા હવે ભાજપ પોતાની સત્તા સંભાળશે જેમાં અનુસૂચિત જાતિના પાલિકા પ્રમુખમાં ભાજપના નવીન પરમાર સત્તાનું સુકાન સંભાળે તેવા એંધાણ છે.

મહેસાણા નગરપાલિકામાં કોંગ્રેસના આંતરિક જૂથવાદના પગલે કોંગ્રેસની સત્તા આજે મહેસાણા નગરપાલિકામાં બીજીવાર અવિશ્વાસની દરખાસ્ત પાસ થવા ગઈ છે જેમાં આજે પાલિકા પ્રમુખ સામે ભ્રષ્ટચાર અને સહીઓ ન કરીને કામ લોકોના ન થતા હોવાના એધાણ સાથે ૧૭ સભ્યોએ બાગી કોંગ્રેસના કોર્પોરેટર સાથે રાખીને પાલિકા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત મૂકી હતી જે મામલે આજે ચાંપતા પોલીસ બંદોબસ્ત સાથે આજે સાધારણ બોર્ડ શરૂ થઈ હતી જેમાં પાલિકામાં કોંગ્રેસ દ્વારા સભા શરૂ થાય તે પહેલા વ્હીપ મૂકીને પાલિકા પ્રમુખને યથાવત રાખવા જણાવ્યું હતું જેમાં ૨૯ સભ્યોએ બહુમતી સાથે અવિશ્વાસની દરખાસ્ત પાલિકામાં પાસ થવા ગઈ હતી જેમાં ૧૨ સભ્યો કોંગ્રેસના પાલિકા પ્રમુખને ટેકામાં મતદાન કર્યું હતું જ્યારે ભાજપના ૧૫ સભ્યો હવે પાલિકામાં પોતાની સત્તા સંભાળે તેવા એધાણ દેખાઈ રહ્યા છે. કોંગ્રેસના અમુક સભ્યોએ વ્હીપને છુટા નાખી દીધા હતા. પાલિકા પ્રમુખની સત્તા જાય તેવા એંધાણ પહેલાથી જ જોવાઈ રહ્યા હતા. જે પગલે ભાજપ હવે સુકાન સાંભળશે જેમાં ભાજપ દ્વારા કોંગ્રેસ પર ભ્રષ્ટચારના આક્ષેપ કર્યા હતા. પાલિકામાં ૨૯ મતોથી અવિશ્વાસની દરખાસ્તને ટેકો આપીને પાલિકા પ્રમુખને બદલવા માંગતા હતા અને ૧૨ સભ્યોએ પાલિકા પ્રમુખને યથાવત રાખવા મતદાન કર્યું હતું. હાલમાં કોંગ્રેસે પોતાની સત્તા ગુમાવી છે હવે ત્રણ દિવસ બાદ પ્રમુખની વરણી કરવામાં આવશે જેમાં ભાજપના પ્રમુખ બને અને તેમાં પણ નવીનભાઈ પરમાર પ્રમુખનું શુકાન સંભાળે તેવા એધાણ છે જ્યારે આજે બે કોર્પોરેટર હાજર રહ્યા ન હતા અને એક કોર્પોરેટનું મોત પણ થવા ગયું છે જ્યારે પાલિકા પ્રમુખ આ મામલે કોર્ટમાં જવાની ત્યારી બતાવી છે તો ભાજપે આ મામલે ભ્રસ્ટાચારના આક્ષેપ કર્યા હતા, ગીરીશભાઈ રાજગોર ભાજપ અને ઘનશામ સોલંકી પાલિકા પ્રમુખ કોંગ્રેસે જણાવ્યું હતું. મહેસાણા કોંગ્રેસ દ્વારા તબેલાના ઘોડા છૂટ્યા બાદ તબેલામાં તાળા મારવા જેવો ઘાટ ઘડ્યો છે. મહેસાણા નગરપાલિકામાં કોંગ્રેસની સરકાર જતા કોંગ્રેસે નોટિસ આપવાની ફરજ પડી હતી. કોંગ્રેસના વ્હીપનો અનાદર કરવા મામલે નોટિસ આપી હતી. અવિશ્વાસની દરખાસ્તમાં પાલિકા પ્રમુખના સપોર્ટમાં આપવાનો હતો મત જેની જગ્યાએ કુલ ૧૬ સભ્યોએ વ્હીપ વિરુદ્ધ મતદાન કરતા નોટિસ અપાઈ છે. ૩ દિનમાં યોગ્ય જવાબ નહિ આપવામાં આવે તો પક્ષાંતર ધારા અન્વયે તજવીજ કરવામાં આવશે તેવો નોટિસમાં ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે.

## પ્રાંતિજ ખાતે પાટીદાર આંદોલન અનામત સમિતિ દ્વારા પોલીસ દ્વારા કરવામાં આવેલ કેસો પરત ખેંચવા માંગણી

### પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારીને આવેદનપત્ર આપી રજુઆતો કરી : ૧૫ દિવસમાં યોગ્ય નિકાલ નહી આવે કે કોઈ જ કાર્યવાહી નહી થાય તો આંદોલનની ચીમકી

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પાટીદાર આંદોલન અનામત સમિતિ દ્વારા પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા ને આવેદનપત્ર આપીને આંદોલનકારીઓ પર થયેલા કેસોને પરત ખેંચવા કરી માંગ.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પાટીદાર અનામત આંદોલન દરમિયાન થયેલા પોલીસ કેસોને પરત ખેંચવા બાબતે તેમજ પાટીદાર સમાજના યુવાનો દ્વારા તેમના સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણ અને સહકારી નોકરીઓમાં થતા અન્યાયને ધ્યાનમાં લઈને અનામતની માંગણી ૨૦૧૫માં સરકારને અનેક લેખિત અને મૌખિક રજૂઆતો કરી તે સંબંધે સંદર્ભે સરકાર દ્વારા કોઈ જ પ્રતિસાદ ન મળતા તેમ જ રજૂઆત સમગ્ર રાજ્યમાં આંદોલનના માર્ગે વધી રહી હોય તે દરમિયાન સરકાર દ્વારા આંદોલનકારીઓની દબાવવા અને નાના મોટા ગુનાઓને નોંધીને હાર્દિક પટેલ અને અલ્પેશ કથિરિયા સહિતના આંદોલનકારી ઓને અનેક નિર્દોષ પાટીદાર યુવાનો પરના કેસો દાખલ કરીને તેમને જેલમાં ધકેલવામાં આવ્યા હતા તેને લઈને સમગ્ર રાજ્યમાં આંદોલનનો જુવાળ જોવા મળી



રહ્યો તે ત્યારે હાલ પાટીદાર યુવાનોની માંગણી વ્યાજબી લાગતા સરકાર બિન અનામત વર્ગમાં આવતા સવર્ણોને ૧૦% અનામત ની જાહેરાત કરવી પડી હતી આંદોલનકારી યુવાનોની માંગ સ્વીકારવી પડી હતી આ ઘટના દરમિયાન અનેક વખત સમાજના શ્રેષ્ઠીઓ એ સાથે સરકારે આંદોલનકારીઓ ની સાથે વાટા ઘાટો કરી અને વાતચીત કરે પરંતુ તે દરમિયાન સરકારના માંથી મુખ્ય મંત્રી ઉપ.મુખ્યમંત્રી રાજ્યના ગૃહમંત્રી આંદોલન સંદર્ભે થયેલા કેસો પરત ખેંચવાની સમાજના શ્રેષ્ઠીઓ અને મીડિયા સમક્ષ જાહેરાત કરી પરંતુ ચૂંટણીઓ દરમિયાન નાના-મોટા અમુક કેસો સરકાર દ્વારા પરત ખેંચવામાં આવ્યા હતા પરંતુ હજુ ઘણા જિલ્લાઓમાં આંદોલનકારીઓ અને નિર્દોષ પાટીદારો ઉપર કેસો પરત ખેંચવાના બાકી હોય જેના કારણે ઘણા નિર્દોષ પાટીદાર યુવાનો કોર્ટ કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે જેને ધ્યાનમાં રાખીને પાટીદાર આંદોલન સમિતિ ના સભ્યોદ્વારા પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે જઈને પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા ને આવેદનપત્ર આપીને રજુઆતો કરી હતી કે આગામી પંદર દિવસની અંદર આ કેસો પરત નહી ખેંચાય કે કોઈ યોગ્ય કાર્યવાહી થયેલી જણાશે નહિ થાય તો સમગ્ર રાજ્ય માં કાર્યક્રમ કરવાની પણ ફરજ પડશે તેવું પાટીદાર અનામત આંદોલન કાર સમિતિ ના સભ્ય અનિલ પટેલે જણાવ્યું હતું.

## ડીસાના કાંટ રોડ ઉપર ડાલાના ચાલકે કારને ટકકર મારતાં ત્રણ ઘવાયા

ડીસાના કાંટ રોડ ઉપર આવેલ જુવાર ફાર્મ નજીક રવિવારે રાત્રિના સમયે દારૂના નશામાં ધૂત બનેલા જીપડાલાના ચાલકે કારને ટક્કર મારતાં એક મહિલા સહિત ત્રણ વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. પોલીસે ઘટના સ્થળે દોડી જઇ ચાલકને ઝડપી પાડયો હતો.

ડીસા શહેરના વંદના બંગ્લોઝમા રહેતાં ગોમાજી નગાજી સાખલા (માળી) રવિવારે રાત્રિ ના સવા આઠેક વાગ્યાના સુમારે પરીવાર સાથે પોતાની જીજે-૦૮-આર-૯૮૮૨ નંબરની હોન્ડા સીટી કારમાં સામાજીક પ્રસંગમાં હાજરી આપવા માટે જઈ રહ્યાં હતાં તે દરમ્યાન ડીસા કાટ રોડ પરના જુવાર ફાર્મ નજીક જીજે-૧૩-એટી- ૪૪૯૩ નંબરના મહિન્દ્રા પીકઅપ જીપડાલાના ચાલકે દારૂના નશામાં ચકચૂર બની રોડની સાઇડમાં ઉભેલી હોન્ડા સીટી કારને પાછળના ભાગેથી જોરદાર ટકકર મારતાં ગાડીમાં સવાર જોસનાબેન માળીને આંખ તેમજ મોઢાના ભાગે ઈજાઓ પહોંચતા જડબાના ભાગે ફેકચર થયું હતું. જયારે તેમના બે પૌત્રને પણ ઈજાઓ થઇ હતી. અકસ્માતની જાણ થતાં જ ઉતર પોલીસ ઘટના સ્થળે દોડી આવી જીપડાલાના ચાલક શામળભાઈ મંગાભાઈ કાપડી (રહે, લાટીબજાર, કાપડીવાસ, ડીસા) ને ઝડપી પાડી જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

## અરવલ્લીમાં વારંવાર કઠોળ અને દાળનો જથ્થો ખૂટી જતા બાળકો પ્રોટીન આહારથી વંચિત

મોડાસા, તા. ૨

વિકાસની વાતો વચ્ચે કુપોષણનો શિકાર બનેલા બાળકોના દરને નાથવા સરકાર ભારે પ્રયત્નો પછી પણ પરિસ્થિતિ ઠેરના ઠેર છે. સરકારી શાળાઓમાં ભણતા બાળકોને કહેવાતા અને આપવામાં આવતા પૌષ્ટિક આહારની યોજના એટલે મધ્યાહન ભોજનની યોજના રાજ્યમાં કુપોષિત બાળકોનો રેશિયો આસમાને આંબે છે ત્યારે મધ્યાહન ભોજનમાં ચાલતી લાલીયાવાડીથી અનેક બાળકોને પૌષ્ટિક આહારથી વંચિત રહેવું પડે છે. મધ્યાહન ભોજનમાં બાળકોને પીરસવામાં આવતા ભોજનનું મેનુ પણ રાજ્યની મોટાભાગની શાળાઓમાં ફક્ત કાગળ પર અમલવારી થઈ રહી છે.

મધ્યાહ્ન ભોજનમાં સપ્લાય કરવામાં આવતા અનાજ અને દાળનો જથ્થો સપ્લાય કરતી એજન્સીના બેદરકારીના પગલે સડેલો અને ગુણવત્તાસભર આવતો હોવાની બૂમો વારંવાર ઉઠતી રહે છે. સડેલો જથ્થો અનેકવાર પુરવઠાતંત્રમાં પડ્યો રહેતો હોય છે અથવા શાળાઓમાં પહોંચ્યા પછી સંચાલકો પરત આપી દેતા હોવાથી ફરીથી જથ્થો સમયસર મળતો ન હોવાની ઘટનાઓ સામાન્ય બની છે.

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા તાલુકાની કેટલીક શાળાઓમાં પ્રાથમિક શાળાઓમાં છાસવારે ચણા, તુવેર, મગ સહીત દાળનો જથ્થો મધ્યાહન ભોજનના સંચાલકોને શાળામાં મળવો જોઈએ તે સમયે મળતો ન



હોવાથી બાળકો પ્રોટીનયુક્ત ભોજનથી વંચિત રહે છે. મધ્યાહ્ન ભોજનના સંચાલકો તેમની રીતે બાળકોને આપવાના મેનુ પણ ફેરફાર કરી સરકાર અને મધ્યાહ્ન ભોજનના જથ્થાના સપ્લાયમાં રહેલી ઉણપ છુપાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. જીલ્લાની પ્રાથમિક શાળાઓમાં વારંવાર કઠોળ અને દાળનો જથ્થો ખૂટતા બાળકો પ્રોટીનયુક્ત આહારથી વંચિત રહેતા વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મોડાસા તાલુકાની અનેક શાળાઓમાં મેનુ પ્રમાણે મધ્યાહન ભોજનનો જથ્થો સમયસર પહોંચતો ન હોવાથી બાળકો ભોજનથી વંચિત રહેવાનો વારો આવ્યો હોવાની અનેક બૂમો ભૂતકાળમાં ઉઠી હતી ત્યારે ચણા સહીત દાળનો જથ્થો સમયસર પહોંચતો ન હોવાથી તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. જીલ્લા મધ્યાહનતંત્ર જીલ્લામાં મધ્યાહન ભોજન બાળકોને મળી રહે અને શાળામાં મધ્યાહન ભોજન સંચાલકોની બેદરકારી સામે નોટિસ આપવામાં આવી રહી છે, બીજબાજુ દિવાતળે અંધારૂ હોય તેમ કેટલીક શાળાઓમાં ચણા અને વિવિધ દાળનો જથ્થો જ સમયસર મળતો ન હોવાથી તેમની સામે કોણ કાર્યવાહી કરશે.

## ૨.૩૫ કરોડ પરત ન આપતા ટ્રાન્સપોર્ટરે ઝેરી દવા પી મોતને વ્હાલુ કર્યુ

### આર્થિક ભીંસ હોવા છતાં ૧૨ જણાએ પૈસા પરત ન આપ્યા, હાજીપુરની ટ્રાન્સપોર્ટની ઓફીસમાં અંતિમ શ્વાસ લઈ લીધો

હિંમતનગર, તા. ૨

હિંમતનગર અમદાવાદ રોડ પર આવેલા હાજીપુર ગામમાં કાર્યરત ટ્રાન્સપોર્ટના એક માલિકે અગાઉ ૧૨ જણાને અંદાજે રૂ. ૨.૩૫ કરોડથી વધુની રકમ આપી હતી પરંતુ તે રકમની ઉઘરાણી કરવા છતાં આ બાર જણાએ સમયસર પૈસા પરત ન આપતા આર્થિક ભીંસમાં સંકડાયેલા ટ્રાન્સપોર્ટરે રવિવારે પોતાની ટ્રાન્સપોર્ટની ઓફીસમાં ઝેરી દવા પી લઈને મોતને વ્હાલુ કરી દીધુ હતુ. જે અંગે ફરીયાદ રવિવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગે મુનપુર ગામના પીનાકીન કાંતિભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ થોડા સમય અગાઉ શૈલેષભાઈ ચીમનભાઈ પટેલ ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા હોવાથી તેમણે હાજીપુરની સીમમાં ટ્રાન્સપોર્ટની ઓફીસ શરૂ કરી હતી. દરમ્યાન તેમણે અનિલ માથુર કે જેઓ તત્કાલીન સમયે શામળાજી નજીક આવેલ આરટીઓમાં નોકરી કરતા હતા તથા પ્રમોદ દધીચી સહિત અન્ય ૧૨ જણાને ગમે તે કારણસર અલગ-અલગ દિવસે મળી અંદાજે રૂ. ૨,૩૫,૭૫,૨૦૦ની રકમ આપી હતી. જે અંગે વાયદો પુરો થવા છતાં આ ૧૨ જણાએ શૈલેષકુમાર પટેલને પૈસા પરત આપ્યા ન હતા.

જેથી શૈલેષભાઈએ ફોન દ્વારા તથા રૂબરૂ જઈ ઉઘરાણી કરી હતી અને પૈસા ન આવતા શૈલેષભાઈ પટેલ ખુબજ આર્થિક ભીંસમાં આવી ગયા હતા અને કોઈ વિકલ્પ ન રહેતા તેમણે રવિવારે પોતાની હાજીપુર ખાતે આવેલ જીગર ટ્રાન્સપોર્ટ નામની ઓફીસમાં જઈ ઝેરી દવા પી લીધી હતી જેથી તેમનુ મોત નીપજ્યુ હતુ. ત્યારબાદ તપાસ કરતા શૈલેષભાઈએ મોતને વ્હાલુ કરવા પાછળ આર્થિક ભીંસમાં આવી ગયા હોવાનું જણાયુ હતુ. જેથી પિનાકીન પટેલે બાર જણા વિરૂદ્ધ રવિવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

#### કોની વિરૂદ્ધ ફરીયાદ નોંધાઈ

- અનિલ માથુર (આરટીઓ, ચેકપોસ્ટ, રતનપુર)
- પ્રમોદ દધીચી
- સુનીલ માથુર
- નિહારીકા માથુર
- માલવીકા માથુર
- નિરૂ માથુર
- ડોલી માથુર
- કરણી ભવર (આરટીઓ, મંડાર બોર્ડર)
- રાજકુમાર જી. (આરટીઓ)
- વિજયસિંહ ભાટી
- ચંદ્રવીરસિંહ ભાટી
- પદમ ભાટી

## મોડાસાના કુડોલ પ્રાથમિક શાળાના આચાર્ય સામે છેડતી કેસ

### જિલ્લા શિક્ષણ અધિકારીએ કિરીટ પટેલને કર્યો સસ્પેન્ડ

મોડાસા તાલુકાના કુડોલ ગામની પ્રાથમિક શાળાના હવસખોર આચાર્યએ ધોરણ-૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને ઓફિસમાં બોલાવી અડપલાં કરી છેડતી કરી હતી. આ અંગે વિદ્યાર્થીનીએ ઘરે પહોંચી પરિવારજનોને જાણ કરી હતી. ઘટના અંગેની જાણ થતા પરિવારજનો શાળાએ દોડી ગયા હતા. શિક્ષકે શિક્ષણ જગતના લીરેલીરા ઉડાવી દેતી ઘટનાના પગલે ગ્રામજનોએ હોબાળો મચાવી આચાર્યને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી. આચાર્ય તેના કાળા કરતૂતનો પર્દાફાશ થતા ઓફિસમાં ટેબલ નીછે છુપાઈ ગયો હતો. શાળામાં હોબાળો થવાને પગલે જિલ્લા પ્રાથિમિક શિક્ષણાધિકારી અને પોલીસ તંત્ર ઘટનાસ્થળે પહોંચ્યું હતું.



કુડોલ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા કિરીટ રમણભાઈ.પટેલ નામના લંપટને મનમાં વાસનાનો કીડો સળવળતા ધો-૮ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને તેની ઓફિસમાં કામ છે તેમ કહી ત્રણ-ચાર વિદ્યાર્થીનીઓને બોલાવી હતી અને એક વિદ્યાર્થિનીને ઓફિસમાં ઉભી રાખી અન્ય છોકરીઓને ઓફિસની બહાર નીકળી જવાનું જણાવ્યું હતું. બાદમાં આ લંપટ શિક્ષકે વિદ્યાર્થિનીને અડપલાં કરી વિદ્યાર્થીની પાસે બિભસ્ત માંગણી કરતા વિદ્યાર્થીની આચાર્યની છેડતીનો ભોગ બનેલ વિદ્યાર્થીની ડઘાઈ ગઈ હતી અને શાળાની શિક્ષિકાને પણ સમગ્ર ઘટનાની જાણ કરી હતી. બાદમાં વિદ્યાર્થિનીએ પરિવારજનોને આચાર્યે તેની સાથે કરેલી હરકતની જાણ કરતા પરિવારજનો અને ગ્રામજનોમાં ભારે રોષ છવાયો હતો અને શાળાએ પહોંચી હોબાળો મચાવી લંપટ આચાર્યને જેલના સળિયા પાછળ ધકેલી દઈ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવે તેવી માંગ કરી હતી. વિદ્યાર્થીનીની માતાની ફરિયાદના આધારે મોડાસા રૂરલ ડીવાયએસપી ઈશ્વર પરમારે પોક્સો સહિત વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આચાર્યની ધરપકડ કરી હતી. શિક્ષણ જેવા પવિત્ર ધર્મને લાંછન લાગતા અને આચાર્ય સામે પોલીસ ફરિયાદ થતાં તેમજ આચાર્યની ધરપકડ થતાં અરવલ્લી જિલ્લા શિક્ષણ વિભાગ પણ હરકતમાં આવ્યું હતું અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ આચાર્યને મોડાસા તાલુકા પંચાયત શિક્ષણ કચેરીએ બદલી કરી સસ્પેન્ડ કરી દીધો હતો.



ખેડબ્રહ્મામાં પ્રવીણ તોગડીયાને આવકારવા લોકો ઉમટયા

ખેડબ્રહ્માના વાસણા રોડ પર શનિવાર રાત્રીના એક કાર્યકરને ત્યાં પ્રવીણભાઈ તોગડીયા એક કાર્યક્રમમાં હાજર રહ્યા હોવાના સમાચાર ખેડબ્રહ્મામાં ફેલાતા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. વાસણા રોડની સોસાયટીમાં રહેતા પૂર્વ વિશ્વ હિન્દુ પરિષદના નેતા રામજીભાઈ હરિભાઈ પંડ્યાના ઘરે આવેલ પ્રવીણભાઈ આવતા આ સમાચાર શહેરમાં વાયુવેગે ફેલાતાં થોડી વારમા મોટી સંખ્યામાં લોકો ઉમટી હતા અને પ્રવીણભાઈ તોગાડીયાને વિવિધ સંગઠનો અને કાર્યકરોએ વિવિધ ભેટ મુમેન્ટન આપી સ્વાગત કરવમાં આવ્યું હતું અને પ્રવિણભાઈએ પણ લોકોને સંબોધિત કર્યા હતા.

## હિંમતનગર તાલુકામાં મનરેગાના કામો માટે ૬૫૧ લાખ ખર્ચાશે

### તાલુકા પંચાયતની સામાન્ય સભામાં વર્ષ ૨૦-૨૧ માટે થનાર ખર્ચ મંજૂર

હિંમતનગર તાલુકા પંચાયતની સોમવારે મળેલી બજેટ બેઠકમાં હિંમતનગર તાલુકામાં વર્ષ ૨૦૨૦-૨૧ માટે મનરેગાના કામો માટે અંદાજે રૂ. ૬૫૧ લાખના અપેક્ષિત ખર્ચને તમામ સભ્યોએ મંજુરીની મહોર મારી સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું.

હિંમતનગર તાલુકા પંચાયતના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ કેન્દ્ર સરકાર પ્રેરિત મનરેગા યોજનામાં તમામ જરૂરીયાતમંદોને ૨૦૦ દિવસની રોજગારી આપવાની જોગવાઈ હોવાથી સાબરકાંઠા જિલ્લાના તમામ તાલુકાઓમાં આ યોજના ચાલી રહી છે જે અંતર્ગત હિંમતનગર તાલુકામાં પણ આ યોજના ચાલતી હોવાથી તેનો ૯૭ ગ્રામ પંચાયતોમાં કામો થાય છે મનરેગામાં અંદાજે ૯૫૮૮ કુટુંબોને રોજગારી આપવાનો લક્ષ્યાંક રખાયો છે જે અંતર્ગત વર્ષ ૨૦-૨૧માં હિંમતનગર તાલુકામાં ૧૨૨૭ કામો કરાશે.

જેના લીધે અંદાજે ૨૨૪૨૦૯ માનવદિન ઉભા થશે જેમના માટે અંદાજે રૂ. ૪૪૬ લાખ ખર્ચાશે સાથોસાથ મનરેગાના કામો માટે જે માલસામાનની જરૂર પડશે તેના માટે રૂ. ૨૦૫ લાખ વપરાશે આમ એકલા હિંમતનગર તાલુકામાં વર્ષ ૨૦-૨૧માં અંદાજે રૂ. ૬૫૧.૨૨ લાખનો ખર્ચ થવાનો અંદાજ સોમવારે મળેલી સામાન્ય સભામાં રજુ કરાયો છે જેને સત્તાધારી અને વિપક્ષે મંજુર કરતા હિંમતનગર તાલુકાનું મનરેગાનું લેબર બજેટ સર્વાનુમતે મંજુર થયું છે.

## હિંમતનગર તાલુકા પંચાયતનું ૩૩ કરોડની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજુર

હિંમતનગર તાલુકા પંચાયતની સોમવારે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦-૨૧ના રૂ. ૩૩ કરોડની પુરાંતવાળા બજેટને સત્તાધારી ભાજપ અને વિપક્ષમાં બેઠેલા કોંગ્રેસના સભ્યોએ સર્વાનુમતે બહાલી આપતા બજેટને મંજુરીની મહોર લાગી છે. જો કે આ બજેટમાં હિંમતનગર તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો માટે અંદાજે રૂ. ૧૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

આ અંગે હિંમતનગર તાલુકા પંચાયતના મહિલા પ્રમુખ નયનાબેન પટેલ, તાલુકા વિકાસ અધિકારી એ.જે. રાજપુત તથા જાગૃત સદસ્ય રવીન્દ્રસિંહ ચાવડાના જણાવાયા મજુબ સોમવારે બપોરે ૧ વાગ્યે હિંમતનગર તાલુકા પંચાયતનું વર્ષ ૨૦-૨૧નું અંદાજપત્ર રજુ કરવામાં આવ્યુ હતુ. જેમાં દર્શાવાયા મુજબ ખેતીવાડી, આરોગ્ય, શિક્ષણ તથા બાંધકામ સહિત અન્ય ક્ષેત્રો માટે ખર્ચના આંકડા રજુ કરાયા હતા. જો કે આ બજેટમાં પ્રથમ વખત તાલુકા પંચાયતના ૩૦ સભ્યોને સ્વભંડોળમાંથી રૂ. ૯૦ લાખ અલગ ફાળવવામાં આવ્યા છે.

સોમવારે રજુ કરાયેલા બજેટમાં સ્વભંડોળની આવક રૂ. ૨,૦૪, કરોડની સામે ઉઘડતી સીલક એટલે કે વર્ષ ૨૦૨૧માં રૂ. ૩.૯૮ કરોડ મુકાઈ છે જ્યારે સ્વભંડોળની રૂ. ૬,૦૩ કરોડની સીલક અને રૂ. ૧૩૭ કરોડની મળવાપાત્ર ગ્રાન્ટ, દેવા વિભાગના ર. ૮.૫૪ કરોડ સહિતનું રૂ. ૧૫૨ કરોડનું બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે હિંમતનગર તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોને પગાર પેટે વાર્ષિક જે ચુકવણી કરવાની થાય છે તેના માટે બજેટમાં અંદાજે રૂ. ૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.